દ્વિર્ધાતકીખંડે ———— 3-૧૨

દ્વિઃ ધાતકીખંડે ———— 3-૧૨

સૂત્રાર્થ: ધાતકીખંડમાં [ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપથી] બમણા છે.

ભાવાર્થ: ભૌગોલિક રચના પ્રમાણે જંબૂદ્વીપ પ્રથમ દ્વીપ છે. ત્યાર પછી લવણ સમુદ્ર છે. લવણસમુદ્ર પછી ધાતકીખંડ નામે બીજો દ્વીપ છે.

ચારલાખ યોજનના વિસ્તારવાળો અને વલયાકાર (ચૂડી આકારનો)

આ ધાતકીખંડ ૪ લાખ યોજન વિસ્તારવાળો લવણસમુદ્રને ચારે તરફથી ઘેરીને રહેલો છે, આ ધાતકીખંડની ઉત્તર અને દક્ષિણમાં **ઈક્ષુકાર** પર્વત રહેલો છે જે ધાતકીખંડના બે સરખા ભાગ કરે છે.

ધાતકીખંડને ફરતો વલયાકાર એવો **કાલોદધિસમુદ્ર** છે. ઉત્તર અને દક્ષિણ દિશામાં, ઈક્ષુકાર પર્વતનો એક ભાગ લવણસમુદ્રને સ્પર્શે છે અને બીજો ભાગ કાલોદધિ સમુદ્રને સ્પર્શે છે. પરિણામે પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકી ખંડ એમ બે સ્પષ્ટ વિભાગો થઈ જાય છે. જંબૂદ્વીપની જેમ જ અહીં પૂર્વધાતકીખંડમાં ૭ ક્ષેત્ર અને ૬ મોટા પર્વત છે. તે જ રીતે પશ્ચિમ ધાતકીખંડમાં પણ ૭ ક્ષેત્ર અને ૬ પર્વત છે.

આ રીતે ધાતકીખંડમાં :- ૨-ભરતક્ષેત્ર, ૨-હેમવંત ક્ષેત્ર, ૨-હરિવર્ષક્ષેત્ર, ૨-મહાવિદેહ ક્ષેત્ર, ૨-રમ્યકક્ષેત્ર, ૨-હૈરણ્યવંત ક્ષેત્ર અને ૨-ઐરાવતક્ષેત્ર. આ રીતે ૧૪ મહાક્ષેત્રો આવેલા છે.

તે જ રીતે :- ૨-લઘુહિમવંત પર્વત, ૨-મહાહિમવંત પર્વત, ૨-નિષધ પર્વત, ૨-નીલવંત પર્વત, ૨-રુક્મિ પર્વત, ૨-શિખરી પર્વત એમ કુલ ૧૨ મહાપર્વતો આવેલા છે.

જેમ જંબૂદ્વીપની મધ્યમાં મેરુ પર્વત છે, તેમ અહીં પણ પૂર્વ ધાતકી ખંડના મધ્યમાં એક મેરુ આવેલો છે અને પશ્ચિમ ધાતકી ખંડના મધ્યમાં પણ એક મેરુ આવેલો છે. અર્થાત્ પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં એક એક મેરુ હોવાથી ધાતકી ખંડમાં બે મેરુ છે.




ધાતકી ખંડ

ઈષુકાર પર્વત:- ઈષુ એટલે બાણ. બાણ આકારના સીધા બે લાંબા પર્વતો છે માટે તેને ઈષુપર્વત કહેલ છે. આ પર્વતની લંબાઈ ધાતકીખંડ જેટલી જ અર્થાત્ ૪ લાખ યોજન છે. આ પર્વતોને લીધે ધાતકીખંડ બે વિભાગમાં વિભાજિત થાય છે જેને પૂર્વધાતકી ખંડ અને પશ્ચિમધાતકી ખંડ કહે છે.

પુષ્કરાર્ધે ચ ........ 3-13

સૂત્રાર્થ: પુષ્કરવર દ્વીપના અર્ધા ભાગમાં પણ ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપવત્ સમજવા છે.

ભાવાર્થ: પુષ્કરવર દ્વીપની બરાબર મધ્યમાં માનુષોત્તર પર્વત આવેલો છે. આ પર્વત કિલ્લાની જેમ વલયાકારે ગોળ છે. આથી પુષ્કરવરદ્વીપના બે વિભાગ પડી જાય છે. પુષ્કરવરદ્વીપનો વિસ્તાર કુલ 16 લાખ યોજન છે. તેના બે વિભાગ થવાથી પ્રથમ વિભાગ 8 લાખ યોજન પ્રમાણ અને બીજો વિભાગ 8 લાખ યોજન પ્રમાણ છે. બે વિભાગમાંથી પ્રથમ અર્ધવિભાગમાં જ ક્ષેત્રો અને પર્વતો છે. ધાતકીખંડમાં જેટલા ક્ષેત્રો અને પર્વતો છે તેટલા ક્ષેત્રો અને પર્વતો પુષ્કરવરદ્વીપના અર્ધ વિભાગમાં છે. આથી જ આ સૂત્રમાં ધાતકીખંડની જેમ પુષ્કરવરદ્વીપના અર્ધા ભાગમાં ક્ષેત્ર અને પર્વતો જંબૂદ્વીપવત્ સમજવા છે એમ જણાવ્યું છે.

ધાતકીખંડની જેમ આ પુષ્કરાર્ધમાં પણ ઉત્તર અને દક્ષિણમાં બે મોટા ઇષુકાર પર્વત આવેલા છે. આ બંને પર્વતને લીધે પુષ્કરાર્ધદ્વીપ બે વિભાગમાં વિભાજિત થાય છે. (1) પૂર્વ પુષ્કરાર્ધ અને
(2) પશ્ચિમ પુષ્કરાર્ધ.

– તેમાં ક્ષેત્ર અને પર્વતોની રચના ધાતકીખંડ સમાન જ હોય છે.

જે રીતે જંબૂદ્વીપના મધ્યમાં મેરુ પર્વત આવેલો છે. તે જ રીતે પૂર્વ અને પશ્ચિમ બંને પુષ્કરાર્ધના મધ્યમાં એક-એક મેરુ પર્વત આવેલો છે,

જંબૂદ્વીપની જેમ જ અહીં પૂર્વ તથા પશ્ચિમ બંને પુષ્કરાર્ધમાં સાત-સાત ક્ષેત્રો છે. જંબૂદ્વીપની જેમ જ પૂર્વ પુષ્કરાર્ધમાં તથા પશ્ચિમ પુષ્કરાર્ધમાં છ-છ મહાપર્વતો (કુલગિરિ) આવેલા છે.

પ્રાગ્માનુષોત્તરાન્મનુષ્યાઃ ----- 3-૧૪

પ્રાગ્ માનુષોત્તરાત્ મનુષ્યાઃ ---- 3-૧૪

સૂત્રાર્થ: માનુષોત્તર પર્વતની પહેલા મનુષ્યો (મનુષ્યોનો વાસ) છે,

ભાવાર્થ: દ્વીપો અને સમુદ્રો અસંખ્ય છે. પણ! જન્મથી મનુષ્યોનો નિવાસ માનુષોત્તર પર્વતની પહેલા જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપનો અર્ધોભાગ એમ અઢીદ્વીપમાં જ છે.

તિર્યંચો અઢી-દ્વીપ ઉપરાંત બહારના દરેક દ્વીપ-સમુદ્રમાં પણ છે, મનુષ્યક્ષેત્રની સીમા બતાવતા હોવાથી આ પર્વતનું નામ માનુષોત્તર પર્વત છે.

પ્રશ્ન: કેટલા ક્ષેત્રમાં મનુષ્ય વસે છે?

ઉત્તર: કુલ ૧૦૧ ક્ષેત્રોમાં મનુષ્ય વસે છે?

<u>પ્રશ્ન</u>: અઢી-દ્વીપમાં વસતા મનુષ્ય ૧૦૧ ક્ષેત્રોમાં વસે છે તેમ કહ્યું. તો તેની ગણતરી કઈ રીતે?

<u>ઉત્તર</u>: <u>૧૫ કર્મભૂમિ</u>: ૫-ભરત, ૫-ઐરાવત, ૫-મહાવિદેહ

<u>30 અકર્મભૂમિ</u>: ૫ હૈરણ્યવત, ૫-રમ્યક, ૫-હેમવંત
૫ હરિવર્ષ, ૫-ઉત્તરકુરુ, ૫-દેવકુરુ

<u>૫૬ અંતર્દ્વીપો</u>: ૨૮ - હિમવંત પર્વતની ચાર દાઢામાં
૨૮ - શિખરી પર્વતની ચાર દાઢામાં

આ રીતે ૧૫+30+૫૬ = ૧૦૧ ક્ષેત્રોમાં મનુષ્યો છે.

<u>પ્રશ્ન</u>: અકર્મભૂમિ એટલે શું?

ઉત્તર: અકર્મભૂમિ એટલે જ્યાં કર્મ લાગતા નથી એવો અર્થ નહિ સમજવો.
✓ અકર્મભૂમિ એટલે જ્યાં અસિ-મસિ-કૃષિનો વ્યવહાર નહીં. આ ભૂમિમાં મનુષ્યો યુગલિક તરીકે જ જન્મે છે અને મૃત્યુ પામીને નિયમા દેવલોકમાં જાય છે.

<u>પ્રશ્ન</u>: ૫૬ અંતર્દ્વીપમાં વસતા મનુષ્યો શું યુગલિક છે?

ઉત્તર: હા, ૫૬ અંતર્દ્વીપમાં પણ મનુષ્યો યુગલિક તરીકે જ જન્મે છે, લાંબુ આયુષ્ય ભોગવી, મૃત્યુ પામી નિયમા દેવલોકમાં જન્મે છે.

<u>પ્રશ્ન</u>: અઢીદ્વીપની બહાર મનુષ્ય જઈ શકે?

ઉત્તર: હા, જઈ શકે; તે આ રીતે,
— વિદ્યાધરો અને ચારણમુનિઓ નંદીશ્વરદ્વીપ સુધી જઈ શકે. નંદીશ્વરદ્વીપ, અઢીદ્વીપની બહાર છે.

- કોઈ વિદ્યાધર મનુષ્યનું અપહરણ કરીને અઢી-દ્વીપની બહાર લઈ જઈ શકે.
- વૈક્રિય લબ્ધિ ના કારણે મનુષ્ય અઢી દ્વીપની બહાર જઈ શકે.

પ્રશ્ન: અઢી-દ્વીપની બહાર જન્મ-મરણ હોય?

ઉત્તર: અઢી-દ્વીપની બહાર કદી મનુષ્યનો જન્મ થયો નથી, થતો નથી અને થશે પણ નહિ.
અઢી-દ્વીપની બહાર કદી મનુષ્યનું મરણ થયું નથી, થતું પણ નથી અને થશે પણ નહિ.

પ્રશ્ન: મનુષ્ય ક્ષેત્ર (અઢી-દ્વીપ)ની બહાર શું ન હોય?

ઉત્તર:
- દિવસ, રાત્રિ આદિની સમય વ્યવસ્થા ન હોય
- વ્યવહાર સિદ્ધ કાળ સમય ન હોય
- ચંદ્ર-સૂર્યનું પરિભ્રમણ ન હોય અર્થાત્ સ્થિર હોય
- બાદર અગ્નિકાય ન હોય
- વીજળી, ગર્જારવ ન હોય
- અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ ન હોય
- ખાણ, નદી, સમય વ્યવસ્થા ન હોય
- ઘર, ગામ, નગર ન હોય
- મનુષ્યનો જન્મ કે મરણ ન હોય

પ્રશ્ન: અઢી-દ્વીપમાં કયા દ્વીપ આવે?

ઉત્તર:
૧ જંબૂદ્વીપ
૧ ધાતકીખંડ
૧/૨ પુષ્કરવરદ્વીપ

આર્યા મ્લેચ્છાશ્ચ ---- 3-૧૫

આર્યાઃ મ્લેચ્છાઃ ચ ---- 3-૧૫

**સૂત્રાર્થ:** મનુષ્યોના આર્ય અને મ્લેચ્છ (અનાર્ય) એમ બે ભેદ છે.

**ભાવાર્થ:** આર્ય એટલે શ્રેષ્ઠ. શિષ્ટ લોકોને અનુકૂળ આચરણ કરે તે આર્ય. આર્યથી વિપરીત લક્ષણવાળા મનુષ્યો અનાર્ય અથવા મ્લેચ્છ કહેવાય છે. આર્યોના છ ભેદ છે. (૧) ક્ષેત્ર (૨) જાતિ (૩) કુલ (૪) કર્મ (૫) શિલ્પ અને (૬) ભાષા.

**(૧) ક્ષેત્ર આર્ય:**

- દરેક મહાવિદેહ ક્ષેત્ર (કુલ-૫ ક્ષેત્ર) ની 32 વિજયો
- દરેક ભરત ક્ષેત્ર (કુલ-૫) ના સાડા પચ્ચીસ દેશો
- દરેક ઐરાવત ક્ષેત્ર (કુલ-૫) ના સાડા પચ્ચીસ દેશો

ઉપરના ક્ષેત્રોમાં જન્મેલા મનુષ્યો ક્ષેત્રથી આર્ય છે. આર્યક્ષેત્રમાં જન્મેલા મનુષ્યો સામાન્યથી સદાચાર અને સંસ્કારવાળા હોય છે. આર્યક્ષેત્રની ભૂમિ પવિત્ર હોય છે. ધર્મ આર્યક્ષેત્રમાં જ થઈ શકે છે.

**(૨) જાતિ આર્ય:**

ઈક્ષ્વાકુ, વિદેહ, હરિ, જ્ઞાત, કુરુ, ઉગ્ર, ભોગ વગેરે ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો જાતિ આર્ય છે.

(૩) કુલ આર્ય: કુલકર, ચક્રવર્તી, વાસુદેવ વગેરે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો કુલ આર્ય છે.

(૪) કર્મ આર્ય: કર્મ એટલે ધંધો - વ્યાપાર. અલ્પ પાપવાળો ધંધો કરનારા મનુષ્યો કર્મ આર્ય છે. જેમ કે - વેપારી, ઝવેરી, સુથાર, અધ્યાપક વગેરે.

(૫) શિલ્પ આર્ય: શિલ્પ એટલે કારીગરી. માનવજીવનમાં જરૂરી કારીગરી કરનાર મનુષ્યો શિલ્પ આર્ય છે. જેમ કે વણકર, કુંભાર, સુથાર વગેરે.

(૬) ભાષા આર્ય: શિષ્ટ પુરુષોને માન્ય, સુવ્યવસ્થિત શબ્દોવાળી, સ્પષ્ટ ઉચ્ચારવાળી, શિષ્ટ ભાષા બોલે તે મનુષ્યો ભાષા આર્ય છે.

વિશેષ: અકર્મભૂમિના મનુષ્યો મ્લેચ્છ છે. અનાર્ય દેશોની વ્યાખ્યા તરીકે સૂર્યપ્રકાશિત ગ્રંથમાં કહ્યું છે કે - જે દેશોમાં સ્વપ્નમાં પણ "ધર્મ" એવા અક્ષરો જાણવામાં ન આવે તે અનાર્ય દેશો છે. અનાર્યો પુનર્જન્મ - પરભવ - આત્મા - સ્વર્ગ - નરક - વિચાર - મુક્તિ વગેરેને મોટેભાગે માનતા નથી. સંસ્કાર વિનાના હોય છે.

આ યુગના આફ્રિકા, અમેરિકા વગેરે દેશોના લોકો અનાર્ય કહી ન શકાય. અમુક જાતિ કે કુટુંબો અનાર્ય હોઈ શકે પણ સમગ્ર દેશ અનાર્ય નહિ.

ભરતૈરાવતવિદેહાઃ કર્મભૂમયોઽન્યત્ર દેવકુરૂત્તરકુરુભ્યઃ 3-૧૬

ભરત-ઐરાવત-વિદેહાઃ કર્મભૂમયઃ અન્યત્ર
દેવકુરુ-ઉત્તરકુરુભ્યઃ - - - - - - - - 3-૧૬

સૂત્રાર્થ: દેવકુરુ - ઉત્તરકુરુને છોડીને પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ એમ ૧૫ ક્ષેત્રો કર્મભૂમિ છે. દેવકુરુ અને ઉત્તરકુરુ અકર્મભૂમિ છે.

| કર્મભૂમિ :- | જંબૂદ્વીપ | | ધાતકીખંડ | | અર્ધપુષ્કર | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૫ - ભરત ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| ૫ - ઐરાવત ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| ૫ - મહાવિદેહ ક્ષેત્ર (દેવકુરુ-ઉત્તરકુરુ સિવાય) | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| કુલ કર્મભૂમિ : - - - - - - - - | | | | | | | ૧૫ |
| અકર્મભૂમિ :- હૈમવત, હરિવર્ષ, રમ્યક, હૈરણ્યવત, ઉત્તરકુરુ, દેવકુરુ | ૬ | + | ૧૨ | + | ૧૨ | = | 30 |
| લવણસમુદ્રના અંતર્દ્વીપો - - - - | | | | | | = | ૫૬ |

આમ કુલ ૧૫ + 30 + ૫૬ = ૧૦૧, મનુષ્યના ક્ષેત્રો છે. અકર્મભૂમિના મનુષ્યો યુગલ છે.

નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્તર્મુહૂર્તે ..... 3:૧૭

નૃ-સ્થિતી પરા-અપરે ત્રિ-પલ્યોપમ-અંતર્મુહૂર્તે ... 3:૧૭

સૂત્રાર્થ: મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

ભાવાર્થ: પર એટલે ઉત્કૃષ્ટ અથવા વધારેમાં વધારે. અપર એટલે ઓછામાં ઓછું. મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. આ નિયમ ગર્ભજ મનુષ્યોની અપેક્ષાએ છે. સંમૂર્છિમ મનુષ્યોનું આયુષ્ય જઘન્ય કે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પ્રમાણ જ હોય છે

| ક્ષેત્ર | કાળ કેવો હોય? | ઉત્કૃષ્ટ આયુષ્ય | શરીરની ઊંચાઈ |
|---|---|---|---|
| દેવકુરુ અને ઉત્તરકુરુ | પહેલા આરા જેવો | ૩ પલ્યોપમ | ત્રણ ગાઉ |
| હરિવર્ષ અને રમ્યક | બીજા આરા જેવો | ૨ પલ્યોપમ | બે ગાઉ |
| હિમવંત અને હૈરણ્યવંત | ત્રીજા આરા જેવો | ૧ પલ્યોપમ | એક ગાઉ |
| મહાવિદેહ | ચોથા આરા જેવો | ૧ પૂર્વક્રોડ વર્ષ | ૫૦૦ ધનુષ |
| ભરત અને ઐરાવત | ૧ થી ૪ આરામાં | ઉપર પ્રમાણે | ઉપર પ્રમાણે |
| | પાંચમા આરામાં | ૧૩૦ વર્ષ | ૭ હાથનું |
| | છઠ્ઠા આરામાં | ૨૦ વર્ષ | ૨ હાથનું |

તિર્યંગ્યોનિજાનાં ચ ----- 3:૧૮

તિર્યક્ - યોનીનાં ચ ----- 3:૧૮

સૂત્રાર્થ: તિર્યંચોની પણ ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે.

ભાવાર્થ:

| જીવ | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|
| પૃથ્વીકાય | 22 હજાર વર્ષ |
| અપકાય | ૭ હજાર વર્ષ |
| તેઉકાય | 3 દિવસ |
| વાયુકાય | 3 હજાર વર્ષ |
| વનસ્પતિકાય | ૧૦ હજાર વર્ષ |
| બેઇન્દ્રિય | ૧૨ વર્ષ |
| તેઇન્દ્રિય | ૪૯ દિવસ |
| ચઉરિન્દ્રિય | ૬ મહિના |
| પંચેન્દ્રિય ગર્ભજ જલચર | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ઉરપરિસર્પ | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ભુજપરિસર્પ | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ચતુષ્પદ | ત્રણ પલ્યોપમ |
| પંચેન્દ્રિય ગર્ભજ ખેચર | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ જલચર | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ઉરપરિસર્પ | ૫૩૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ભુજપરિસર્પ | ૪૨૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ચતુષ્પદ | ૮૪૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ખેચર | ૭૨૦૦૦ વર્ષ |

મનુષ્યોની અને તિર્યંચોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એમ બે પ્રકારની સ્થિતિ છે.

ભવસ્થિતિ: વર્તમાન જીવના આયુષ્યનો કાળ

કાયસ્થિતિ: તે જ ભવમાં પુનઃ પુનઃ નિરંતર ઉત્પત્તિનો કાળ

મનુષ્યોની અને તિર્યંચોની કાયસ્થિતિ નીચે પ્રમાણે છે.

| જીવ | કાયસ્થિતિ |
|---|---|
| પૃથ્વીકાય - અપ્કાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| તેઉકાય - વાયુકાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| પ્રત્યેક વનસ્પતિકાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| સાધારણ વનસ્પતિકાય | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી |
| વિકલેન્દ્રિય | સંખ્યાતા હજાર વર્ષ |
| ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | ૭ કે ૮ ભવ |

ઉપર બતાવ્યા પ્રમાણે મનુષ્ય પુનઃ પુનઃ નિરંતર સાત ભવ સુધી મનુષ્ય થઈ શકે છે. આઠમા ભવે જો દેવકુરુ કે ઉત્તરકુરુમાં યુગલિક મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય તો મનુષ્યની કાયસ્થિતિ આઠ ભવ થાય, અન્યથા સાત ભવ થાય. એ જ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિય વિષે સમજવું. જઘન્ય કાયસ્થિતિ મનુષ્ય કે તિર્યંચોની અંતર્મુહૂર્ત છે.

અધ્યાય-૩ સમાપ્ત.